# અમેરિકામાં જન્મેલા દરેક બાળકને મળશે નાગરિકત્વ: સુપ્રીમ કોર્ટ

**જન્મથી** નાગરિકતા આપવાના કાયદાનો વિરોધ કરી રહેલા ટ્રમ્પને સુપ્રીમ કોર્ટે આપ્યો આંચકો

**ગેરકાયદે** કે અસ્થાયી રીતે રહેતા માતા-પિતાના અમેરિકામાં જન્મેલા બાળકોને પણ મળશે નાગરિકત્વ

વોશિંગ્ટન, તા. 30 (પીટીઆઈ): અમેરિકાની સુપ્રીમ કોર્ટે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના જન્મથી મળતા નાગરિકત્વ (બર્થરાઈટ સિટિઝનશિપ) પર નિયંત્રણ લાદતા એક્ઝિક્યુટિવ ઓર્ડરને ફગાવી દીધો છે. કોર્ટે 5-4ની બહુમતીથી આપેલા ચુકાદામાં જણાવ્યું કે અમેરિકાની ધરતી પર જન્મેલું દરેક બાળક, તેના માતા-પિતા ગેરકાયદે રીતે રહેતા હોય કે અસ્થાયી વિઝા પર હોય, તેમ છતાં અમેરિકી નાગરિક ગણાશે.ટ્રમ્પે બીજા કાર્યકાળની શરૂઆત બાદ જ એવો આદેશ કર્યો હતો કે માત્ર એવા બાળકોને જ જન્મથી નાગરિકત્વ મળે, જેમના ઓછામાં ઓછા એક માતા અથવા પિતા કાયદેસર રીતે અમેરિકામાં રહેતા હોય. ટ્રમ્પે જન્મથી નાગરિકતા આપવાની નીતિને 'શરમજનક' ગણાવી હતી, જ્યારે ઉપ-પ્રમુક જે.ડી. વાન્સે તેને 'વિશ્વની સૌથી મૂર્ખ ઈમિગ્રેશન નીતિ' ગણાવી હતી.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે 1868માં અમલમાં આવેલા અમેરિકન બંધારણના 14મા સુધારા હેઠળ અમેરિકામાં જન્મેલા તમામ લોકો નાગરિક છે. મુખ્ય ન્યાયાધીશ જ્હોન રોબર્ટ્સે કહ્યું કે નાગરિકત્વ એ વ્યક્તિના મૂળભૂત અધિકારોનું આધારસ્તંભ છે.

ટ્રમ્પે આ ચુકાદા પર સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ દ્વારા જજોની આકરી ટીકા કરી છે.

જો ટ્રમ્પનો આદેશ યથાવત્ રહેતે તો દર વર્ષે અમેરિકામાં જન્મતા આશરે 2,50,000 બાળકોના કાનૂની દરજ્જા પર અસર પડતે અને તેમના માતા-પિતાને નવજાત બાળકના નાગરિકત્વ માટે પુરાવા રજૂ કરવા પડતે. ટ્રમ્પના બીજા કાર્યકાળમાં સુપ્રીમ કોર્ટે ફગાવેલી આ બીજી મોટી નીતિ છે. અગાઉ ફેબ્રુઆરીમાં કોર્ટ ટ્રમ્પના ટેરિફ સંબંધિત નિર્ણયને પણ ફગાવી ચૂકી છે. ટ્રમ્પે પોતાની બીજા કાર્યકાળના પ્રથમ દિવસે જ આ આદેશ પર હસ્તાક્ષર કર્યા હતા, જેને નીચલી અદાલતોએ પણ ગેરકાયદેસર ગણાવ્યો હતો. આ પ્રતિબંધ માત્ર ગેરકાયદેસર પ્રવાસીઓ જ નહીં, પરંતુ ગ્રીન કાર્ડ ધારકો અને વિદ્યાર્થીઓ જેવા કાયદેસર રહેતા લોકોના બાળકો પર પણ લાગુ થવાનો હતો.

# કતારમાં અમેરિકા-ઈરાન વચ્ચે શાંતિ કરારના અમલ માટે પ્રયાસો તેજ

**દોહામાં** બંને દેશોના પ્રતિનિધિમંડળ હાજર, પરંતુ સીધી વાતચીત નહીં થાય

**ઈરાનની** પહેલા ફ્રીઝ કરાયેલી 6 અબજ ડોલરની સંપત્તિ છોડવાની માગ

દુબઈ, તા. 30 (એપી): અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલા વચગાળાના સમજૂતી કરાર (MoU) ના અમલીકરણને લઈને બંને દેશોના પ્રતિનિધિમંડળો કતારની રાજધાની દોહા પહોંચ્યા છે. જોકે, ઈરાને સ્પષ્ટ કર્યું છે કે તે અમેરિકી પ્રતિનિધિઓ સાથે કોઈ સીધી વાતચીત કરશે નહીં. બંને પક્ષો વચ્ચેની ચર્ચા કતારના મધ્યસ્થો મારફતે થશે.

અમેરિકાના વિશેષ દૂત સ્ટીવ વિટકોફ અને પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના જમાઈ જેરેડ કુશનર દોહા પહોંચ્યા છે. બીજી તરફ ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બઘાઈએ જણાવ્યું કે હાલ તેમની પ્રાથમિકતા વિદેશોમાં ફસાયેલા ઈરાનના ફ્રીઝ કરાયેલા ભંડોળને મુક્ત કરાવવાની છે. આ દિશામાં પ્રગતિ થયા બાદ જ શાંતિ કરાર અંગે આગળની ચર્ચા થશે.

17 જૂનના વચગાળાના કરાર મુજબ ઈરાન સમૃદ્ધ યુરેનિયમનો જથ્થો ઘટાડશે, જ્યારે અમેરિકા ઈરાની તેલ પરના કેટલાક પ્રતિબંધોમાં રાહત આપશે અને હોર્મુઝની સામુદ્રધુનીમાં જહાજોની અવરજવર સામાન્ય બનાવવા પ્રયાસ કરશે. બંને દેશોને વ્યાપક કરાર માટે 60 દિવસનો સમય આપવામાં આવ્યો છે. ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાને જણાવ્યું કે કતાર ટૂંક સમયમાં ઈરાનની 6 અબજ ડોલરની ફ્રીઝ કરાયેલી સંપત્તિ મુક્ત કરશે. અમેરિકી અધિકારીઓએ પણ તેની પુષ્ટિ કરી છે અને જણાવ્યું કે આ રકમનો ઉપયોગ અમેરિકામાંથી ખાદ્યપદાર્થોની ખરીદી માટે થશે.

આ દરમિયાન ટ્રમ્પ સરકારની અંદર પણ મતભેદોની ચર્ચા તેજ બની છે. ઉપપ્રમુખ જેડી વાન્સ રાજદ્વારી ઉકેલના સમર્થક માનવામાં આવે છે, જ્યારે વિદેશમંત્રી માર્કો રૂબિયો ઈરાન સામે કડક વલણ અપનાવવાના પક્ષમાં રહ્યા છે. તેમના અલગ-અલગ નિવેદનો બાદ ટ્રમ્પ પ્રશાસનની વિદેશ નીતિ અંગે ચર્ચા શરૂ થઈ છે.

# PM મોદીની ઈરાનના રાષ્ટ્રપતિ સાથે ફોન પર વાતચીત

**પશ્ચિમ** એશિયામાં શાંતિ માટે અમેરિકા-ઈરાન વચ્ચેની સમજૂતીને ભારતે આવકારી

**ઈરાનના** સર્વોચ્ચ નેતા ખામેનેઈની અંતિમવિધિમાં ભારતીય પ્રતિનિધિમંડળ હાજરી આપશે

નવી દિલ્હી, તા. 30 (પીટીઆઈ): વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે ઈરાનના મસૂદ પેઝેશ્કિયન સાથે ટેલિફોન પર વાતચીત કરી હતી. આ વાતચીત દરમિયાન ઈરાનના રાષ્ટ્રપતિએ પીએમ મોદીને પશ્ચિમ એશિયામાં તાજેતરમાં થયેલા સકારાત્મક સુધારાઓ અને ભવિષ્યની યોજનાઓ વિશે માહિતગાર કર્યા હતા.

વડાપ્રધાને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર જણાવ્યું કે, તેમણે ઈરાનના નેતા સાથેની વાતચીતમાં ભારત અને સમગ્ર વિશ્વ માટે હોર્મુઝની સામુદ્રધુનીમાં મુક્ત નૌકાપરિવહન (ફ્રીડમ ઓફ નેવિગેશન)ની મહત્વતા પર ભાર મૂક્યો હતો.


પીએમઓ (PMO) દ્વારા જારી કરાયેલા નિવેદન અનુસાર, વડા પ્રધાને અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ સ્થાપવા માટે થયેલી સમજૂતીને આવકારી હતી અને પુનરોચ્ચાર કર્યો હતો કે તમામ વિવાદોનો ઉકેલ સંવાદ અને ડિપ્લોમેસી દ્વારા જ આવવો જોઈએ. આ ક્ષેત્રમાં કાયમી શાંતિ, સ્થિરતા અને મુક્ત વ્યાપારની સુરક્ષા માટે સતત પ્રયાસો જરૂરી છે.

અગાઉ, રાષ્ટ્રપતિ પેઝેશ્કિયને પીએમ મોદીને ઈરાનના સ્વર્ગસ્થ સર્વોચ્ચ નેતા આયતોલ્લા અલી ખામેનેઈની અંતિમવિધિમાં સામેલ થવા આમંત્રણ આપ્યું હતું. આ માટે ભારત સરકાર બિહારના રાજ્યપાલ અતા હસનૈન અને વિદેશ રાજ્ય મંત્રી પવિત્ર માર્ગેરિટાને પ્રતિનિધિ તરીકે મોકલવાની યોજના બનાવી રહી છે, જે આગામી 5થી 9 જુલાઈ દરમિયાન યોજાશે.

નોંધનીય છે કે પાકિસ્તાન અને કતારની મધ્યસ્થતા બાદ, 18 જૂને અમેરિકા અને ઈરાન વચ્ચે ઈસ્લામાબાદ એમઓયુ (MoU) પર હસ્તાક્ષર થતાં હોર્મુઝની સામુદ્રધુની ફરી ખોલવામાં આવી છે. ફેબ્રુઆરીથી શરૂ થયેલા યુદ્ધના કારણે આ માર્ગ બંધ થતાં વૈશ્વિક સ્તરે ઊર્જા સંકટ સર્જાયું હતું.

પેજ3

## શું સની દેઓલે 'ઈક્કા'ના ટ્રેલર લોન્ચમાં ઘસાયેલા બૂટ પહેર્યા?



મુંબઈ, તા. ૩૦: અભિનેતા સની દેઓલ ૨૯ જૂનના રોજ મુંબઈમાં તેમની આગામી કોર્ટરૂમ ડ્રામા ફિલ્મ 'ઈક્કા'ના ટ્રેલર લોન્ચમાં હાજર રહ્યો હતો, પરંતુ માત્ર આ ફિલ્મ સિવાયની ઘટનાએ પણ લોકોનું ધ્યાન ખેંચ્યું હતું. આ ઈવેન્ટનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે, જેમાં અભિનેતા જૂના બૂટ પહેરેલો જોવા મળી રહ્યો છે, જેને લઈને ચાહકોમાં વિવિધ પ્રતિક્રિયાઓ જોવા મળી રહી છે. આ ટ્રેલર લોન્ચમાં અક્ષય ખન્ના, દિયા મિર્ઝા અને તિલોત્તમા શોમ સહિત ફિલ્મના અન્ય કલાકારો પણ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન સનીએ 'ઈક્કા' વિશે વાત કરી હતી અને પોતાના સહ-કલાકારોના અભિનયનાં વખાણ કર્યાં હતાં. જોકે, અભિનેતાએ પહેરેલા જૂના બૂટ ઓનલાઇન ચર્ચાનો વિષય બની ગયા હતા.

## 'લગાન' ફિલ્મને ટપાલ વિભાગનું ખાસ સન્માન



મુંબઈ, તા. 30: આમિર ખાન અભિનિત અને આશુતોષ ગોવારીકર નિર્દેશિત ફિલ્મ 'લગાન' 15 જૂન 2001ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર જબરદસ્ત હિટ રહી હતી. તાજેતરમાં જ આમિર ખાને ફિલ્મની 25મી વર્ષગાંઠ પર એક ઈવેન્ટનું આયોજન કરીને ફિલ્મની સફળતાની ઉજવણી કરી હતી. ફિલ્મની આ સિલ્વર જ્યુબિલીની ઉજવણીમાં ભારતીય ટપાલ વિભાગ પણ જોડાયું છે. ટપાલ વિભાગે 'લગાન' ફિલ્મને એક ખાસ સન્માન આપ્યું છે. વિભાગ દ્વારા ફિલ્મનું એક સ્પેશિયલ અને યાદગાર કવર જાહેર કરવામાં આવ્યું છે. આ સિવાય પિક્ચર પોસ્ટકાર્ડ પણ ટપાલ વિભાગ તરફથી બહાર પાડવામાં આવ્યા છે. એક ખાસ સેલિબ્રેશન દરમિયાન ફિલ્મને આ સન્માન આપવામાં આવ્યું હતું.



# મુંબઈમાં સ્કૂલ બસ પર ઝાડ પડતાં વિદ્યાર્થીનું મોત

11 વિદ્યાર્થીઓ ઘાયલ

મુંબઈ, તા. 30 (પીટીઆઈ) મુંબઈના ચેમ્બુર વિસ્તારમાં મંગળવારે બપોરે ૧૨ બાળકોને લઈ જઈ રહેલી એક સ્કૂલ બસ પર રોડ કિનારે આવેલું પીપળાનું ઝાડ પડતાં ૧૧ વર્ષના એક વિદ્યાર્થીનું મોત નીપજ્યું હતું અને અન્ય ચાર ઘાયલ થયા હતા. એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

અધિકારીઓએ જણાવ્યું કે, આ ઘટના બપોરે ૨:૫૮ વાગ્યે રોડ નંબર ૧૧ પર આવેલી એક ઈમારત પાસે બની હતી. ફાયર બ્રિગેડ અને અન્ય એજન્સીઓ તરત જ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને સ્કૂલ બસમાં ફસાયેલા તમામ ૧૨ વિદ્યાર્થીઓને બહાર કાઢ્યા હતા. તેમાંથી ઘાયલ થયેલા પાંચ વિદ્યાર્થીઓને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. હોસ્પિટલના મેડિકલ ઓફિસરના જણાવ્યા અનુસાર, ઘાયલ થયેલા ચાર વિદ્યાર્થીઓની હાલત સ્થિર હતી, જ્યારે ૧૧ વર્ષના વિહાન શ્રીવાસ્તવ, જેને ગંભીર ઈજાઓ થઈ હતી, તેને સાંજે લગભગ ૪.૩૦ વાગ્યે મૃત જાહેર કરવામાં આવ્યો હતો. અધિકારીઓએ જણાવ્યું કે, આ બસ યુનિવર્સલ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓને લઈ જઈ રહી હતી.

સ્કૂલ બસ માલિકોની સંસ્થા, સ્કૂલ બસ ઓનર્સ એસોસિએશન (એસબીઓએ)એ દાવો કર્યો છે કે, આ ઘટનામાં ૧૧ વિદ્યાર્થીઓ ઘાયલ થયા છે.

એસબીઓએના પ્રમુખ અનિલ ગર્ગે જણાવ્યું હતું કે, "આ ઘટનાને માત્ર કુદરતની એક કમનસીબ ઘટના કહીને સરળતાથી નકારી શકાય નહીં. આ ઘટના જાહેર સુરક્ષા માટે જવાબદાર સત્તાવાળાઓની નાગરિક સજ્જતા, પ્રિવેન્ટિવ મેન્ટેનન્સ અને જવાબદારી પર ગંભીર સવાલો ઊભા કરે છે."



» ફ્રાન્સના લા રિયોહા પ્રાંતમાં વાર્ષિક 'બેટલ ઓફ વાઈન' (વાઈનના યુદ્ધ)માં લોકો ભાગ લેતા નજરે પડે છે, જ્યાં વોટર પિસ્તોલથી લઈને સ્પ્રેયર જેવા તમામ પ્રકારના 'શસ્ત્રો'નો ઉપયોગ કરીને સહભાગીઓ પર 40,000 લીટરથી વધુ વાઈન સ્પ્રે કરવામાં આવે છે.

# શ્રીરામ મંદિર ટ્રસ્ટના ચંપત રાયની પોલીસે પૂછપરછ કરી

**ચંપત** રાયના પૂર્વ ડ્રાઇવર સહિત 8 લોકોની ધરપકડ બાદ 400 ખાનગી સુરક્ષા ગાર્ડ શંકાના દાયરામાં

**દાન** ચોરી મામલે એફઆઈઆર નોંધાવવામાં વિલંબ કરવો એ એક 'ભૂલ' હતી: ચંપત રાય

6 જુલાઈએ શ્રીરામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટની બેઠક મળશે

અયોધ્યા-લખનઉ (યુપી), તા. 30 (પીટીઆઈ): અયોધ્યાના ભવ્ય રામ મંદિરમાં દાનની કથિત ઉચાપતનો મામલો હવે અત્યંત ગંભીર બન્યો છે. આ કૌભાંડની તપાસ કરી રહેલી અયોધ્યા પોલીસે મંગળવારે રામ મંદિર ટ્રસ્ટના જનરલ સેક્રેટરી ચંપત રાયનું નિવેદન નોંધ્યું છે.

અયોધ્યાના સર્કલ ઓફિસર આશુતોષ તિવારીએ (જેઓ આ કેસની તપાસના વડા છે) કરસેવકપુરમ સ્થિત ચંપત રાયના નિવાસસ્થાનની મુલાકાત લઈને આ પૂછપરછ કરી હતી અને ચોરી સંબંધિત દસ્તાવેજો માગ્યા હતા. જોકે, પોલીસ અધિકારીઓએ આ પૂછપરછ ક્યાં સુધી ચાલી અને ચંપત રાયે શું કહ્યું તે અંગેની વિગતો 'ગુપ્ત' હોવાનું કહીને જાહેર કરવાનો ઈનકાર કર્યો હતો.એસઆઈટી (SIT) ની તપાસમાં દાન વ્યવસ્થાપનની એસઓપીનું વ્યાપક ઉલ્લંઘન બહાર આવ્યા બાદ, 25 જૂને એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી અને અત્યાર સુધીમાં 8 લોકોની ધરપકડ કરવામાં આવી છે. આરોપીઓ પાસેથી આશરે 80 લાખ રૂપિયા રોકડા અને વિદેશી ચલણ રિકવર કરાયું છે. પકડાયેલા આરોપીઓ પૈકીનો એક રમાશંકર યાદવ ઉર્ફે ટિન્નુ યાદવ એ ચંપત રાયનો પૂર્વ ડ્રાઈવર છે, જેની પાસેથી નિયમોની વિરુદ્ધ જઈને દાનપેટીઓની ચાવીઓ મળી આવી હતી. મંદિરમાં તૈનાત 400 જેટલા ખાનગી સુરક્ષા ગાર્ડ્સની ભૂમિકાની ઝીણવટભરી તપાસ થઈ રહી છે. તેઓના એન્ટ્રી-એક્ઝિટ રેકોર્ડ્સ અને નિવેદનોના આધારે એ તપાસવામાં આવી રહ્યું છે કે દાનની રકમ લાવવા-લઈ જવા માટે નક્કી કરેલા સુરક્ષા પ્રોટોકોલનું પાલન થયું હતું કે નહીં. આ વિવાદ વચ્ચે આગામી સપ્તાહે 6 જુલાઈએ શ્રીરામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટની એક મહત્વની બેઠક મળવાની છે, જેમાં ચંપત રાય અને અન્ય વરિષ્ઠ પદાધિકારી અનિલ મિશ્રાના રાજીનામા સ્વીકારવામાં આવે તેવી પ્રબળ સંભાવના છે.

### કોંગ્રેસ નેતાઓને શ્રીરામ મંદરિના દર્શન કરતા અટકાવાયા

બીજી તરફ, આ દાન ચોરીના વિરોધમાં અયોધ્યા પહોંચેલા ઉત્તર પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ અજય રાય અને પક્ષના પ્રતિનિધિમંડળને પોલીસે રામ મંદિરની મુલાકાત લેતા અટકાવ્યા હતા. કોંગ્રેસે આરોપ લગાવ્યો છે કે સરકારે સરમુખત્યારશાહી અપનાવીને તેમના નેતાઓને 'નજરકેદ' કર્યા છે. આ પ્રતિનિધિમંડળમાં અમેઠીના સાંસદ કિશોરી લાલ શર્મા સહિત અન્ય સાંસદો અને નેતાઓ સામેલ હતા, જેમને હોટેલ અને ઘરોમાંથી બહાર નીકળવા દેવાયા નહોતા. સાંસદ શર્માએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું કે, 'તેઓ દાનની ચોરી રોકી શક્યા નથી, પરંતુ અમને હિન્દુઓને મંદિરમાં પૂજા કરતા રોક્યા છે. આ કેવી સનાતન પરંપરા છે?'

# અમારા હિસ્સાનું પાણી રોકવાનો પ્રયાસ કર્યો તો હાથ કાપી નાખીશું: પાકિસ્તાન

**સિંધુ** જળ સંધિ કાનૂની રીતે હજુ પણ લાગુ છે અને ભારત તેને એકપક્ષીય રીતે રદ કરી શકે નહીં: પાકિસ્તાની મંત્રી

**કાયદાકીય** અને જળ નિષ્ણાતોની હાજરીમાં ઇસ્લામાબાદમાં આંતરરાષ્ટ્રીય સેમિનારનું આયોજન કરાશે

ઈસ્લામાબાદ, તા. 30: પાકિસ્તાને સિંધુ જળ સંધિ મુદ્દે ભારતને ફરી એકવાર ધમકી આપી છે. પાકિસ્તાનના જળવાયુ પરિવર્તન મંત્રી મુસાદિક મલિક અને માહિતી મંત્રી અતાઉલ્લાહ તરારે એક સંયુક્ત પત્રકાર પરિષદમાં દાવો કર્યો હતો કે ભારત પાકિસ્તાનના હિસ્સાનું પાણી રોકવા માગે છે. મલિકે આક્રમક વલણ અપનાવતા કહ્યું કે, જો કોઈ પાકિસ્તાનના હિસ્સાનું પાણી રોકવાનો પ્રયાસ કરશે તો અમે તેમના હાથ કાપી નાખીશું. વડા પ્રધાન શહબાઝ શરીફ અને સૈન્ય પ્રમુખ ફિલ્ડ માર્શલ આસિમ મુનીરે પણ સ્પષ્ટ કર્યું છે કે પાણી પાકિસ્તાનની જીવનરેખા અને રેડ લાઈન છે. બીજી બાજુ, અતાઉલ્લાહ તરારે કહ્યું કે આ આંતરરાષ્ટ્રીય જળ સંધિ કાનૂની રીતે આજે પણ લાગુ છે, તેથી ભારત તેને એકપક્ષીય રીતે સ્થગિત, રદ કે તેમાં કોઈ ફેરફાર કરી શકે નહીં. આ કાનૂની અને તકનીકી પાસાઓ પર ચર્ચા કરવા માટે પાકિસ્તાન મંગળવારે ઈસ્લામાબાદમાં કાયદાકીય અને જળ નિષ્ણાતો તેમજ વિદેશી પ્રતિનિધિઓની હાજરીમાં પ્રથમ આંતરરાષ્ટ્રીય સેમિનારનું આયોજન કરી રહ્યું છે. અગાઉ 21 જૂનના રોજ પાકિસ્તાનના સંરક્ષણ મંત્રી ખ્વાજા આસિફે પણ ધમકી આપી હતી. કે જો જળ સુરક્ષા જોખમાશે તો પાકિસ્તાન ભારત સામે યુદ્ધ છેડી શકે છે.

## અનુસંધાન ... પાના પહેલાનું

### PoKમાં પાકિસ્તાન...

પહોંચી છે, જ્યાં પ્રવાસી કાશ્મીરીઓએ પાકિસ્તાની રાજદ્વારી કચેરીઓ બહાર દેખાવો કર્યા છે. વાસ્તવમાં આ વિરોધ પ્રદર્શન વર્ષોથી ચાલી રહેલી રાજકીય ઉપેક્ષા, આર્થિક શોષણ, મોંઘવારી, બેરોજગારી અને વીજળીના આસમાને પહોંચેલા ભાવો સામેના ૩૮-મુદ્દાના માગણી પત્ર પર કેન્દ્રિત છે. સ્થાનિક લોકોનો આરોપ છે કે આ પ્રદેશમાં પુષ્કળ જળવિદ્યુત ઉત્પન્ન થતી હોવા છતાં તેનો મોટો હિસ્સો પાકિસ્તાનના અન્ય પ્રાંતોમાં મોકલી દેવાય છે, જ્યારે સ્થાનિક લોકોને જંગી વીજ બિલ ચૂકવવા પડે છે. તાજેતરમાં પાકિસ્તાનના સંરક્ષણ મંત્રી ખ્વાજા આસિફે રાવલાકોટ અને મીરપુરના લોકોને 'અસલી કાશ્મીરી નથી' એવું વિવાદાસ્પદ નિવેદન આપતા લોકોનો ગુસ્સો વકર્યો હતો.

### માસ્ટરજી હવે...

ડેસ્ક અને ખુરશીઓ વસાવવામાં આવી રહ્યા છે, જેને જરૂરિયાત મુજબ ફોલ્ડ કરીને બેડ (પલંગ) જેવું માળખું બનાવી શકાય છે. આ સુવિધાને કારણે વિદ્યાર્થીઓએ હવે ક્લાસરૂમમાં બેઠા-બેઠા કે ટેબલ પર માથું રાખીને સૂવું નહીં પડે, પરંતુ તેઓ વ્યવસ્થિત રીતે પીઠ સીધી રાખીને આરામ કરી શકશે. નિષ્ણાતોના મતે, બપોરના સમયે લેવામાં આવતી આ યોગ્ય ઊંઘથી વિદ્યાર્થીઓની માનસિક ક્ષમતા, એકાગ્રતા અને શારીરિક વિકાસમાં મોટો સુધારો જોવા મળશે. પ્રસ્તુત તસવીરમાં ચીનના એનશીમાં હુબેઈ પ્રાંતની એક પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓ બપોરે આરામ કરી રહેલા નજરે પડે છે.

### ચોમાસાની ધમાકેદાર...

માહોલ જોવા મળ્યો છે. આજે સાંજે છ વાગ્યા સુધીમાં રાજ્યના અન્ય વિસ્તારોમાં નોંધાયેલા વરસાદના આંકડા જોઈએ તો ખેડાના વસોમાં 1.85 ઈંચ, ગીર સોમનાથના ઉનામાં 1.34 ઈંચ, ભાવનગરના ગારિયાધારમાં 16 મીમી, અસમદાવાદના ધંધુકામાં 9 મીમી, નડિયાદમાં 9 મીમી અને શંખેડામાં 8 મીમી જેટલો વરસાદ નોંધાયો છે. ગુજરાતમાં ચોમાસું હવે ધીમે ધીમે સક્રિય બનતું જઈ રહ્યું છે. મંગળવારે સાંજે 6 વાગ્યા સુધી રાજ્યના 62 તાલુકાઓમાં હળવાથી ભારે વરસાદ નોંધાયો હતો.

**દક્ષિણ-પશ્ચિમ ચોમાસું 2થી 3 દિવસમાં ગુજરાત, દમણ-દીવ અને રાજસ્થાનને આવરી લેશે**

હવામાન વિભાગની આગાહી મુજબ 24 કલાક બાદ તાપમાનમાં 2 થી 4 ડિગ્રીનો ઘટાડો થતાં ગરમીથી મોટી રાહત મળશે. ચોમાસાની વર્તમાન સ્થિતિની વાત કરીએ તો, દક્ષિણ પશ્ચિમ ચોમાસું આજે 30મી જૂને મધ્યપ્રદેશ, છત્તીસગઢ, ઝારખંડ, બિહાર, ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડના મોટાભાગના વિસ્તારોમાં આગળ વધી ગયું છે. ચોમાસાની ઉત્તરીય સીમા હાલમાં સુરત અને ઈન્દોર પરથી પસાર થઈ રહી છે. આગામી 2 થી 3 દિવસમાં ચોમાસું આગળ વધવા માટે સાનુકૂળ સંજોગો છે, જેના કારણે તે ટૂંક સમયમાં જ સમગ્ર ગુજરાત, દમણ-દીવ અને રાજસ્થાનના ભાગોને આવરી લેશે. હાલમાં પંજાબથી લઈને બંગાળની ખાડી સુધી સીઝનલ ટ્રફ સક્રિય છે, તેમજ આગામી 3જી જુલાઈની આસપાસ બંગાળની ખાડીમાં એક મજબૂત લો-પ્રેશર એરિયા સર્જાવા જઈ રહ્યો છે. આ સાથે જ 2જી જુલાઈથી ઉત્તર-પશ્ચિમ ભારતમાં એક નવું વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ પણ સક્રિય થશે, જેના કારણે ગુજરાતમાં વરસાદનું જોર અતિ તીવ્ર બનશે. ચોમાસાની આ આક્રમક ઇનિંગને જોતા હવામાન વિભાગ દ્વારા નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને સાવચેત રહેવા અને માછીમારોને દરિયો ન ખેડવા માટે કડક સૂચના આપવામાં આવી છે.

**ગત વર્ષે જુનમાં 32.73 ટકા વરસાદ પડ્યો હતો, આ વર્ષે જુનમાં માત્ર 3.13 ટકા જ વરસાદ પડ્યો**

વરસાદના સરેરાશ આંકડાની સરખામણી કરવામાં આવે તો, ગત વર્ષે 30મી જૂન-2025ના રોજ રાજ્યમાં સરેરાશ 32.73 ટકા એટલે કે આશરે 288.70 મીમી જેટલો વરસાદ થઈ ચૂક્યો હતો. જેની સામે આજે 30મી જૂન-2026ના રોજ રાજ્યમાં માત્ર 3.13 ટકા એટલે કે સરેરાશ 28.42 મીમી જેટલો જ વરસાદ નોંધાયો છે. આમ, ગયા વર્ષની સરખામણીએ રાજ્યમાં અત્યાર સુધી 29.6 ટકા વરસાદની મોટી ઘટ જોવા મળી રહી છે. જો કે, હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી જુલાઈ માસમાં બંગાળની ખાડીમાં આવી રહેલી જુદી જુદી લો પ્રેશર સિસ્ટમની અસર હેઠળ સમગ્ર ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી હોવાથી આ ઘટ ઝડપથી પૂરી થઈ જશે.

### ક્યા વિસ્તારમાં...

વિસ્તારોમાં વરસાદી માહોલ રહેશે.

**4થી જુલાઈ:** આ દિવસે મેઘરાજા રૌદ્ર સ્વરૂપ ધારણ કરી શકે છે. દક્ષિણ ગુજરાતના ડાંગ, વલસાડ અને દમણ, દાદરા નગર હવેલીમાં અત્યંત ભારે વરસાદની (Extremely Heavy Rain) આશંકા સાથે 'રેડ એલર્ટ' જાહેર કરાયું છે. આ ઉપરાંત નર્મદા, સુરત, તાપી અને નવસારીમાં 'ઓરેન્જ એલર્ટ' તેમજ છોટાઉદેપુર, વડોદરા, ભરૂચ, અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથમાં 'યલો એલર્ટ' રહેશે. ઉત્તર ગુજરાત અને અમદાવાદ સહિતના વિસ્તારોમાં મોટાભાગના સ્થળોએ મધ્યમ વરસાદ પડશે.

**5મી જુલાઈ:** આ દિવસે પણ આભ ફાટવા જેવી સ્થિતિ સર્જાઈ શકે છે. ડાંગ, તાપી અને નર્મદા જિલ્લા માટે 'રેડ એલર્ટ' આપવામાં આવ્યું છે. જ્યારે છોટાઉદેપુર, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ, અમરેલી અને ભાવનગરમાં 'ઓરેન્જ એલર્ટ' રહેશે. પંચમહાલ, દાહોદ, વડોદરા, રાજકોટ, જૂનાગઢ અને ગીર સોમનાથમાં ભારે વરસાદનું 'યલો એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે.

**6ઠી અને 7મી જુલાઈ:** ચોમાસાની તીવ્રતા યથાવત રહેશે. નર્મદા, ડાંગ, નવસારી, વલસાડ, તાપી અને દમણ પંથકમાં ભારેથી અતિભારે વરસાદની સંભાવના સાથે 'ઓરેન્જ એલર્ટ' જારી રાખવામાં આવ્યું છે. આ દિવસો દરમિયાન પણ સમગ્ર ગુજરાત અને સૌરાષ્ટ્રના મોટાભાગના વિસ્તારોમાં મધ્યમથી ભારે વરસાદ ચાલુ રહેશે.

### દેશમાં જુલાઈ...

અસર પડી.

**તટસ્થ IOD:** હિંદ મહાસાગર દ્વિધ્રુવ (IOD)ની સ્થિતિ તટસ્થ હોવાથી તે અલ નીનોની નકારાત્મક અસરોને રોકી શકી નથી. હવામાન વિભાગે ઉમેર્યું કે આગામી 2-3 દિવસમાં ચોમાસું ગુજરાત, મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ, હરિયાણા, દિલ્હી અને પંજાબના બાકીના ભાગોમાં આગળ વધવા માટે સ્થિતિ સાનુકૂળ છે. જોકે, તાપમાનની દ્રષ્ટિએ જુલાઈમાં પશ્ચિમ-મધ્ય ભારતના થોડા વિસ્તારોને બાદ કરતાં દેશના મોટાભાગના ભાગોમાં મહત્તમ અને લઘુત્તમ તાપમાન સામાન્ય કરતાં વધુ રહેવાની શક્યતા છે.

### હવે વોટ્સએપમાં...

યુઝરનેમ બનાવવાની રીતઃ યુઝર્સ એપના સેટિંગ્સમાં એકાઉન્ટ પેજ પર જઈને વધુમાં વધુ 35 અક્ષર સુધીનું યુઝરનેમ પસંદ કરી શકશે, જેને ભવિષ્યમાં બદલી કે હટાવી પણ શકાશે. આ સુવિધા માટે વોટ્સએપનું લેટેસ્ટ વર્ઝન હોવું જરૂરી છે. એકાઉન્ટ શોધવાની મર્યાદાઃ પ્લેટફોર્મ પર યુઝરનેમની કોઈ જાહેર યાદી નહીં હોય. કોઈ પણ વ્યક્તિ તમને ત્યારે જ શોધી શકશે જ્યારે તેની પાસે તમારું બિલકુલ સાચું યુઝરનેમ હશે. યુઝરનેમ કીઃ સુરક્ષા માટે વોટ્સએપે 4 ડિજિટનો એક વિશિષ્ટ પિનકોડ રાખવાની સુવિધા આપી છે. આ કી ઓન રાખવાથી, સાચું યુઝરનેમ હોવા છતાં આ કોડ વગર કોઈ તમને મેસેજ નહીં કરી શકે. જોકે, આ કી ડિફોલ્ટ રીતે ઓફ રહેશે. નકલી એકાઉન્ટ પર રોકઃ વોટ્સએપ પર એકાઉન્ટ બનાવવા માટે ફોન નંબર લિંક કરવો હજુ પણ ફરજિયાત રહેશે. વળી, જો કોઈ યુઝરનેમ ઈન્સ્ટાગ્રામ કે ફેસબુક પર પહેલેથી જ વપરાશમાં હશે, તો અન્ય કોઈ વ્યક્તિ તે નામ વોટ્સએપ પર રાખી શકશે નહીં. આરક્ષિત યુઝરનેમઃ કોઈ પ્રખ્યાત હસ્તી કે બ્રાન્ડના નામે નકલી આઈડી ન બને તે માટે વોટ્સએપ દ્વારા કેટલીક જાણીતી હસ્તીઓના યુઝરનેમ અગાઉથી જ રિઝર્વ (આરક્ષિત) રાખવામાં આવશે. હાલમાં યુઝર્સ માત્ર પોતાનું યુઝરનેમ બુક કરી શકે છે, જ્યારે આગામી મહિનાઓમાં આ ફીચર વૈશ્વિક સ્તરે સંપૂર્ણ રીતે શરૂ કરવામાં આવશે.

### સુપ્રીમ કોર્ટમાં...

માટે ઈથેનોલ સપ્લાયની ફાળવણી અંગેના કર્ણાટક હાઈકોર્ટના આદેશને પડકાર્યો હતો. ઓઈલ માર્કેટિંગ કંપનીએ દલીલ કરી હતી કે આ તબક્કે વ્યક્તિગત ડિસ્ટિલરીના ક્વોટામાં ફેરફાર કરવાથી રાષ્ટ્રીય સપ્લાય ચેઈન ખોરવાઈ શકે છે. એટર્ની જનરલે પણ જણાવ્યું કે ઓક્ટોબર ૨૦૨૫માં રાષ્ટ્રીય સપ્લાય કોન્ટ્રાક્ટ ફાઈનલ થઈ ગયા હોવાથી ટેન્ડરો ફરી ખોલવાથી કાનૂની વિવાદો વધી શકે છે. આના પર સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટના આદેશ પર યથાવત સ્થિતિ જાળવવાનો હુકમ કર્યો છે. બીજી તરફ, એપ્રિલ ૨૦૨૩ના નિર્ધારિત ધોરણો પહેલાના જૂના વાહનોના માલિકોમાં ચિંતા છે કે ઈથેનોલથી વાહનની પાઈપો ખરાબ થઈ શકે છે અને માઈલેજ ઘટી શકે છે. જોકે, પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે આ કાર્યક્રમ વૈજ્ઞાનિક રીતે પ્રમાણિત છે અને એન્જિન બગાડવાના કોઈ પુરાવા મળ્યા નથી. આર્થિક દૃષ્ટિએ આ યોજના મોટી સફળતા સાબિત થઈ છે, કારણ કે તેનાથી ક્રૂડ ઓઈલની આયાતમાં ઘટાડો થતાં સરકારે અત્યાર સુધીમાં ૧.૪ લાખ કરોડ રૂપિયાથી વધુનું વિદેશી હૂંડિયામણ બચાવ્યું છે. સરકાર હાલ ૨૦ ટકાના લક્ષ્ય પર નજર રાખી રહી છે, પરંતુ વર્ષ ૨૦૩૦ સુધીમાં ઈથેનોલ મિશ્રણ વધારીને ૩૦ ટકા કરવાની યોજના યથાવત છે.

### દિલ્હી ડાયરી...

હતી. ઉદાહરણ તરીકે, જલ શક્તિ મંત્રી સી. આર. પાટીલ, કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ અને કોલસા મંત્રી જી. કિશન રેડ્ડીએ એક જ વાહન શેર કર્યું હતું, જ્યારે આવાસ અને શહેરી બાબતોના મંત્રી મનોહર લાલ ખટ્ટર અને લઘુમતી બાબતોના મંત્રી કિરેન રિજીજુએ સાથે પ્રવાસ કર્યો હતો. અન્ય મંત્રીઓએ પણ આ નિર્દેશનું પાલન કર્યું હતું કે કેમ તે સ્પષ્ટ નથી થયું, પરંતુ તેનાથી જે સંદેશો આપવાનો હતો તે એકદમ સ્પષ્ટ હતો. આ પૃષ્ઠભૂમિ વચ્ચે પશ્ચિમ બંગાળના નવનિયુક્ત મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ પખવાડિયાની અંદર જ ખાનગી જેટ દ્વારા દિલ્હીની બે અણધારી મુલાકાતો લીધી, જેણે લોકોનું ધ્યાન ખેંચ્યું અને આશ્ચર્ય પેદા કર્યું. અધિકારી ૨૨ મે અને ફરીથી ૫ જૂને રાષ્ટ્રીય રાજધાની પહોંચ્યા હતા. જોકે, ભાજપના વરિષ્ઠ નેતાઓ સાથેની તેમની બેઠકોનો હેતુ સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યો ન હતો.

**અમિત શાહ: 'રાજસ્થાનના વડા પ્રધાન'**

જોકે, વડા પ્રધાન નરેન્દ્ર મોદી ભારતીય જનતા પાર્ટીના નિર્વિવાદ નેતા છે, પરંતુ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પણ સરકાર અને સંગઠનની બાબતોમાં તેમના અસાધારણ પ્રભાવને કારણે બહુ પાછળ નથી. પાર્ટીના મોટા ભાગના કેન્દ્રીય અને રાજ્ય સ્તરના નેતાઓ માટે નીતિવિષયક બાબતો તેમ જ પક્ષ સંબંધિત મુદ્દાઓ બંને માટે શાહ જ સૌથી ભરોસાપાત્ર વ્યક્તિ છે. ઓછામાં ઓછું રણપ્રદેશ ગણાતા રાજસ્થાન રાજ્યે તો અનૌપચારિક રીતે શાહને પોતાના વડા પ્રધાન જ માની લીધા છે. કારણ કે, મુખ્યમંત્રી ભજન લાલ શર્મા હજી સુધી વહીવટીતંત્ર કે પક્ષના પ્રદેશ સંગઠન પર પોતાની પકડ મજબૂત કરી શક્યા નથી. ત્યાંની અમલદારશાહી અને પક્ષના નેતાઓ ખુલ્લેઆમ સ્વીકારે છે કે, આ રાજ્યનું સંચાલન પરોક્ષ રીતે શાહ દ્વારા જ કરવામાં આવી રહ્યું છે. રાજસ્થાનના ભાજપના નેતાઓ એ વાત તરફ ઈશારો કરે છે કે, જ્યારે પણ શાહ રાજસ્થાનના પ્રવાસે જાય છે.


પશ્ચિમ રેલવે

વિવિધ કામો

મંડળ રેલ પ્રબંધક (WA), પશ્ચિમ રેલવે, દ્હો માળ, ઈજનેરી વિભાગ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-400 008, આમંત્રિત કરે છે: ક્રમ નં: ૧.ઈ-ટેન્ડર નોટિસ નં: BCT/26-27/81 તારીખ ૨૬/૦૬/૨૦૨૬. કામ અને સ્થળ: વિરાર-જોરાવાસણ સેક્શન: ADEN/ ડહાણુ રોડના અધિકારક્ષેત્ર હેઠળ વૈતરણા, સફાળે, કેલવે રોડ, બોઈસર અને ઘોલવડ ખાતે હાઈ-લેવલ પેસેન્જર પ્લેટફોર્મનું વિસ્તરણ. કામનો અંદાજિત ખર્ચ: રૂ.૧૨,૪૭,૯૮,૦૪૦.૩૨. EMD (બાનાની રકમ): રૂ.૨૪,૯૬,૦૦૦/- ક્રમ નં: ૨. ઈ-ટેન્ડર નોટિસ નં: BCT/26-27/82 તારીખ ૨૬/૦૬/૨૦૨૬. કામ અને સ્થળ: (i) વિરાર-જોરાવાસણ-TSR(P)-33.૭૨૪ Tkm, (ii) વિરાર-જોરાવાસણ-TFTR-33.૩૪૫ Tkm. કામનો અંદાજિત ખર્ચ: રૂ.૯,૮૮,૬૨,૫૫૨.૦૨.EMD (બાનાની રકમ): રૂ.૧૯,૭૭,૩૦૦/-. બંને ટેન્ડરો સબમિટ કરવાની તારીખ અને સમય: ૨૪.૦૭.૨૦૨૬, ૧૫:૦૦ કલાક સુધી. બંને ટેન્ડરો ખોલવાની તારીખ અને સમય: ૨૪.૦૭.૨૦૨૬ના રોજ ૧૫:૩૦ કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટની મુલાકાત લો: www.ireps.gov.in 0320

અમને લાઇક કરો: facebook.com/WesternRly



NAVSARI AGRICULTURAL UNIVERSITY

કૃષિ મહાવિદ્યાલય, નવસારી કૃષિ યુનિવર્સિટી, વઘઈ(ડાંગ). ૩૯૪૭૩૦

જાહેરાત

સર્ટીફીકેટ કોર્ષ: મશરૂમ ઉછેર

તાલીમ સમયગાળો: ૧ ઓગસ્ટ થી ૭ ઓગસ્ટ ૨૦૨૬

લાયકાત: ધોરણ ૧૦ પાસ

અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ: ૨૦/૦૭/૨૦૨૬

અરજી www.nau.in પરથી ડાઉનલોડ કરી હાર્ડકોપીમાં

આચાર્યશ્રી, કૃષિ મહાવિદ્યાલય, ન. કૃ. યું., વઘઈ, ૩૯૪૭૩૦ .ડાંગ, ખાતે મોકલવાની રહેશે.

પસંદગી : અરજી પ્રાપ્ત થયાના ક્રમ મુજબ કરવામાં આવશે.

સંપર્ક : WhatsApp Number: ૯૭૨૬૪૬૩૯૦૩ / ૯૮૨૪૭૪૦૭૦૫

તા.-૩૦/૦૬/૨૦૨૬ આચાર્યશ્રી

ક્રમાંક: માહિતી/ડાંગ/૪૮/૨૦૨૬



પશ્ચિમ રેલવે-વડોદરા ડિવિઝન

RCC બોક્સની જોગવાઈ કરવા દ્વારા હાલના કમાન બ્રિજોનું પુનઃબાંધકામ

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડિવિઝનલ રેલવે મેનેજર (W A/C.) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-૩૯૦ ૦૦૪ દ્વારા નીચે જણાવેલ કામ માટે સીલબંધ ટેન્ડરો આમંત્રિત કરવામાં આવે છે. અનું. નં. ૧: ટેન્ડર નં. : DRM BRC 057 of 2026-27. કામનું નામ: વડોદરા - ગોધરા સેક્શનઃ RCC બોક્સની જોગવાઈ કરવા દ્વારા હાલના કમાન બ્રિજ નં. 24DN, 25DN, 26DN, 32DN, 40DN, 40A, 57DN નું પુનઃબાંધકામ કરવાનું કામ. કામની અંદાજીત પડતર (₹ માં): ૧૮,૬૯,૩૭,૭૨૨.૭૭, જમા કરાવવાની બીડ સિક્યુરીટી (₹ માં): ૩૭,૩૮,૮૦૦.૦૦, ટેન્ડર જમા કરાવવાની અને ટેન્ડર ખોલવાની તારીખ અને સમય: ટેન્ડર તા.૧૭-૦૭-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક પહેલા જમા કરાવી શકાશે અને તે જ તારીખે ૧૫:૩૦ કલાકે ટેન્ડર ખોલાશે. વેબસાઈટ વિગત અને નોટીસ માટે સ્થળ જ્યાંથી સંપૂર્ણ વિગતો જોઈ શકાશે અને ઓફીસનું સરનામું જ્યાંથી ટેન્ડર ફોર્મ ખરીદી શકાશે: વેબસાઈટ @ www.ireps.gov.in ડિવિઝનલ રેલવે મેનેજર (WA/C), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-૪. BRC-131

અમને ફોલો કરો: DRMBRCWR • drm_vadodara